**નિયામકશ્રી, શાળાઓની કચેરી,**

**બ્લોક નં. ૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,**

**ગુજરાત રાજ્ય, ગાંધીનગર.**

રાજ્યની બિન સરકારી અનુદાનિત (ગ્રાન્ટ ઈન એઈડ) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જૂન-૨૦૨૧થી **ધોરણ – ૯ અને ૧૦ના વર્ગ વધારા તથા ધોરણ-૧૧ અને ૧૨ના** ક્રમિક વર્ગ તથા વર્ગ વધારાની મંજૂરી મેળવવા માટે ઓનલાઈન અરજી કરવા નીચે મુજબની પ્રક્રિયા કરવા સંબંધિતોને જણાવવામાં આવે છે.

(૧) બિન સરકારી **અનુદાનિત (ગ્રાન્ટ ઈન એઈડ)** માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જૂન-૨૦૨૧થી ધોરણ – ૯ અને ૧૦ના વર્ગ વધારા તથા ધોરણ-૧૧ અને ૧૨ના ક્રમિક વર્ગ તથા વર્ગ વધારાની મંજૂરી મેળવવા માટે **https://cos.gipl.in** લિંક પર જઈ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ઓનલાઈન ફોર્મ ભરી શકાશે. અરજી કરવાની છેલ્લી તારીખ. ૩૧જુલાઈ ૨૦૨૧ **રહેશે**, અરજી માત્ર ને માત્ર ઓનલાઈન કરવાની રહેશે.

(૨) ઓનલાઈન અરજી કરવા અંગેની સુચનાઓ **http://cos.gipl.in** લિંક પર મુકવામાં આવેલ છે, જે ધ્યાને લઈ ઓનલાઈન અરજી કરવાની રહેશે તથા **આનુષાંગિક આધાર પૂરાવા** સ્કેન કરી અપલોડ કરવાના રહેશે. અધુરી કે અસ્પષ્ટ આધારોવાળી અરજીઓ દફતરે કરવામાં આવશે જેની ખાસ નોંધ લેવી.

(૩) પ્રત્યેક અરજી અન્વયે / વર્ગ દીઠ નિયત ફી રૂ. ૨૫૦૦/– ઓનલાઈન ભરવાની રહેશે.

**(૪) જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓએ તેઓના એકાઉન્ટમાં મળેલ પોતાના** જિલ્લાની શાળાઓની ઓનલાઈન અરજીઓ સ્થળ સૂચના અનુસાર સ્થળ તપાસની કાર્યવાહી **પૂર્ણ** કરી તારીખ ૨૨ ઓગષ્ટ ૨૦૨૧ સુધીમાં નિયામકશ્રી, શાળાઓની કચેરીના એકાઉન્ટમાં જરૂરી રિમાર્કસ સહ ઓનલાઈન સબમીટ કરવાની રહેશે.

(૫) હાર્ડ કોપીમાં મળેલ દરખાસ્ત તથા સમય મર્યાદા બાદ અરજી કરવાની છૂટ આપવા બાબતની અરજી ધ્યાને લેવામાં આવશે નહી.

**સ્થળ : ગાંધીનગર**

તારીખ : 30/6/21

Sd.
નિયામક
શાળાઓની કચેરી,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

જા. નં. /મા-૩/વર્ગ વધારો/ ૬૬૬૩
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
જિલ્લા સેવા સદન-૨, બી બ્લોક,
ત્રીજો માળ, અઠવાલાઈન્સ, સુરત.
તા.: ૫/ ૭ /૨૦૨૧

પ્રતિ,
સુરત જિલ્લાની ગ્રાન્ટેડ મા. ઉ.મા.
શાળાઓના આચાર્ય (તમામ)
વ/- જાણ તથા અમલ સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત. જિ. સુરત.

Scanned with CamScanner

અનુદાનિત માધ્યમિક અને ઉ.મા. શાળાના વર્ગવધારા ૨૦૨૧-૨૨ મંજૂર કરવા અંગે નિયત થયેલ તારીખની વિગત

| | | |
|---|---|---|
| ૧ | જાહેરાત પ્રસિધ્ધ કરવાની તારીખ | તા. ૦૫/૦૭/૨૦૨૧ |
| ૨ | અરજી કરવાની છેલ્લી તારીખ | તા. ૩૧/૦૭/૨૦૨૧ |
| ૩ | જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓએ સ્થળ તપાસ પુરી કરવાની છેલ્લી તારીખ | તા. ૨૩/૦૮/૨૦૨૧ |
| ૪ | કમિશનર, કચેરી ખાતે શાખા દ્વારા અરજી ચકાસણી પૂર્ણ કરવાની છેલ્લી તારીખ | તા. ૨૪/૦૯/૨૦૨૧ |
| ૫ | કમિટીએ કાર્યવાહી પૂર્ણ કરવાની | તા. ૧૯/૧૦/૨૦૨૧ |
| ૬ | વર્ગવધારા મંજૂર કરવાની તારીખ | તા. ૧૫/૧૧/૨૦૨૧ |

Scanned with CamScanner